# બનાસકાંઠામાં તંત્રનું સફળ રેસ્ક્યુ : ૪૯૫ને બચાવાયા

## લશ્કર એન.ડી.આર.એફ. તેમજ બીએસએફ અને એરફોર્સની ટીમોએ અનેકોના જીવ બચાવ્યા

ડીસા, ૨૮

બનાસકાંઠા માં છેલ્લા એક સપ્તાહ થી પડેલા ભારે વરસાદે તારાજી સર્જી છે. જેમાં ૫૦ થી વધુ માનવ મુર્ત્યુ અને ૩૨૦૦ થી વધારે પશુઓં માર્યા ગયા છે. જેમાં ધાનેરા અને કાંકરેજ તાલુકો વધારે અસરગ્રસ્ત બનતા અહી મોટી તારાજી થયી છે. જેમ જેમ પુલના પાણી ઓસરી રહ્યા છે તેમ તેમ નુકસાન નો અંદાજ લગાવાયી રહ્યો છે જોકે ધાનેરા અને કાંકરેજ માં થયેલા નુકસાન નો આંકડો તંત્ર ના સર્વે બાદ મોટો હોવા નું મનાઈ રહ્યું છે તો વળી લાખણી તથા વાવ થરાદ તાલુકામાં પણ ભારે નુકસાન છે અને ખેડૂતો ની જમીનો ધોવાઈ ગઈ છે. ડીસાના અનેક ગામોમાં વ્યાપક નુકસાન થયું છે ત્યારે જીલ્લા ને પુનઃ બેઠો કરવા જીલ્લા વહીવટી તંત્ર અનેક પ્રકારની યાંત્રિક અને આધુનિક ઉપકરણો સાથે ૨૪ કલાક કામે લાગી છે. જયારે અન્ય જીલ્લાઓ માંથી પણ સફાઈ,લાઈટ અને પાણી પુરવઠો પુનઃ ચાલુ કરવા બોલાવાયેલી ટીમો કામે લાગી છે.

આજે શુક્રવારે ડીસા એર ફોર્સ ખાતે ખાસ રાહત અને મદદની સમીક્ષા કરવા આવેલા એર ફોર્સ ના એર માર્શલ આર.કે.ધીર ધ્વારા રાહત મદદની કામગીરી બાબતે જહેર કરાયું હતું કે × ગુજરાત અને રાજસ્થાન માં પડેલા ભારે વરસાદ માં રાહત મદદ માટે અમારી ટીમો ૧૫ જુલાઈ થી સુરેન્દ્રનગર ખાતે થી જોડાઈ હતી જયારે બનાસકાંઠા માં ૨૩ તારીખ થી ૨ હેલીકોપ્ટર સાથે અમારી ટીમો આવી પહોચી હતી જોકે ૨૪ તારીખે ભારે વરસાદ હોઈ અમોએ ૨૫ જુલાઈ થી ડીસા ખાતેથી બચાવ અભિયાન હાથ ધર્યું હતું જેમાં પ્રથમ ૨ હેલીકોપ્ટર ડીસા, ૨ અમદાવાદ તેમજ અન્ય હેલીકોપ્ટરો કલોલ, બાડમેર અને જામનગર ખાતે રખાયા હતા જયારે મહેસાણા માં ૨ હેલીકોપ્ટર અને ૧ ચેતક રખાયું હતું. અમારી એર ફોર્સ ટીમે આજે વિવિધ રેસ્ક્યુ સ્પોટ ઉપરથી ૪૯૫ લોકોને બચાવ્યા છે. અમુક અસર ગ્રસ્તો પોતાના પશુ અને મકાન છોડવા લાગણી થી તૈયાર થતા ન હતા અને ઝાડ તેમજ થાંભલાઓ ઉપર બેસી રહ્યા હતા તેઓ ને પણ સમજાવટ થી બચાવ્યા છે રેસ્ક્યુ ઓપરેશન ને વધારે અસર કારક બનાવા બોમ્બે થી ખાસ લાઈવ રડાર અહી ડીસા એરપોર્ટ ખાતે મદદમાં લગાવાયું છે. આ સમગ્ર ઓપરેશન માં ૨૦ હેલીકોપ્ટરો લાવાયા હતા. જેમાં ૮ માત્ર બનાસકાંઠા અને પાટણ માં રાહત મદદ માટે ડીસા ખાતે રખાયા હતા. જો કે આગામી ૨૪ કલાક માં ભારે વરસાદ પડવાની હવામાન વિભાગની શક્યતા જોતા લોકોને સાવધાન રેવાની જરૂર છે લેવું તેમને જણાવ્યું હતું.

જયારે ડીસા ખાતે એર ફોર્સ વિંગ નું મોનીટરીંગ કરતા ડીસા ના નાયબ કલેકટર ડો.દિગંત બ્રમભટે જણાવ્યું હતું કે એર ફોર્સે રેસ્ક્યુ કરી શુક્રવારે ૪૨ લોકો ને બચાવ્યા છે જેમાં એક અસરગ્રસ્તને વીંછી કરડ્યો હતો તો બીજા અસરગ્રસ્તને કેન્સરની બીમારી હતી આ બન્નેને સારવાર અપાઈ છે. જયારે લશ્કરે ૧૬૭ લોકોને રેસ્ક્યુ કરી બચાવ્યા છે. થરા ખાતે અસરગ્રસ્ત દર્દીઓ માટે ખાસ આર્મી હોસ્પિટલ ઉભી કરી છે જ્યાં અનેક દર્દીઓ સારવાર લઈ રહ્યા છે તેવું તેમને જણાવ્યું હતું.






# પાલનપુરનું ગઠામણ ગામ બેટમાં ફેરવાયું

સમગ્ર જીલ્લામાં મેઘ મહેર સાથે મેઘ કહેર સર્જાયો છે. ત્યારે છેલ્લા ૩૬ કલાક અવિરત પડેલા ભારે વરસાદ ના કારણે જીલ્લાના અનેક ગામોએ જળ સમાધિ લીધી છે. બનાસકાંઠા જીલ્લામાં વરસાદી માહોલના લીધે જન જીવન અસ્ત વ્યસ્ત બની ગયું છે ત્યારે પાલનપુર તાલુકાનું ગઠામણ ગામ બેટમાં ફેરવાઈ જતા ગામ લોકો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે.

જીલ્લાના અતિ અસરગ્રસ્ત ધાનેરા અને થરાદ માં તંત્રે લોકોને મદદ કરી માનવતાનું કામ કર્યું છે. પણ નાક તળે અંધારું જેવી પરિસ્થિતિ ગઠામણ ગામમાં સર્જાઈ છે. પાલનપુરથી માત્ર ૬ કીલોમીટરના અંતરે આવેલ ગઠામણ ગામના લોકો તંત્રની મદદની રાહ જોઈ બેઠા છે. પણ તંત્ર હજુ આ બાજુના ગામમાં જ મદદ પોહ્ચાડવામાં નિષ્ફળ નીવડ્યું છે. ગામમાં પાણી ધુસી ગયા છે. જેને લીધે વ્યાપક નુકસાન થયું છે. પણ ગામ લોકો ના વહારે કોઈજ ના આવતા તંત્ર સામે ગામલોકો ભારે રોષ પ્રગટ કરી રહ્યા છે.

ગઠામણ ગામની પ્રાથમિક શાળા પણ પાણીમાં ગરકાવ થઈ ચુકી છે. ગામમાં હજુપણ પાણી ભરાયા છે. લોકો પાણી ઓસરવાની રાહ જોઈ બેઠા છે. સરપંચ ખુદ કહે છે તંત્ર મારી વહારે હજુ આવ્યું નથી. ગામ લોકોના જણાવ્યા પ્રમાણે ગઠામણ ગામની આજુબાજુ નવીન સોસાયટીઓ બનાવવામાં આવતા આ સોસાયટીઓના પાણી ગામના તળાવ માં વળ્યા હતા જેથી ગામ તળાવ છલકાતા પાણી ગામમાં વળ્યા હતા. અને આખું ગામ પાણીમાં ગળાડૂબ ભરાઈ ગયું હતું. ત્યારે નવીન સોસાયટીઓના બિલ્ડરોએ આ સોસાયટીઓના પાણીના નિકાલ માટે કોઈજ વ્યવસ્થા ન હોવાથી આખરે ગઠામણ ગામના લોકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.



# મોડાસા કોલેજ રોડ પર પાણી નિકાલના મામલે હંગામો


મોડાસા, તા. ૨૮

મોડાસા કોલેજ રોડ પરની સોસાયટીઓમાં વરસાદી પાણી ભરાયા બાદ તેનો યોગ્ય નિકાલ કરવામાં ન આવ્યો હોવાના આક્રોશ સાથે મહિલાઓ સહિત હજારો માણસોનું ટોળું રસ્તા પર આવી મોડાસા-ધનસુરા માર્ગ પર ચક્કાજામ કરી દીધો હતો ત્યારે આ ટોળાએ સ્થાનીક પોલીસ પર પથ્થરમારો કરી કાયદો હાથમાં લઈ પોલીસકર્મીઓને ઈજાઓ પોહચાડી તોડફોડ કરતા પોલીસે મોડાસા નગરપાલિકાના બે નગરસેવકો સહિત ૧૫૦૦ ના ટોળાં સામે ગુનો નોંધી એક નગરસેવકની અટકાયત પોલીસે કરી હતી.

ગુરુવારે વરસાદે વિરામ લીધા બાદ પણ કોલેજ રોડની આઠથી વધુ સોસાયટીમાં કમર સુધી ભરાયેલા વરસાદી પાણીનો નિકાલ નગરપાલિકા દ્વારા કરવામાં ન આવ્યો હોવાના આક્રોશ સાથે મોટી સંખ્યામાં મહિલાઓ,બાળકો અને પુરુષોના ટોળેટોળા કોલેજ રોડ પર એકત્ર થઈ ગયા હતા. આ ટોળા રોડ ચકકાજામ કરી દેતા મોડાસા ટાઉન પોલીસ એ રસ્તો ખુલ્લો કરાવવા સમજાવટનો પ્રયાસ કર્યો હતો પરન્તુ આક્રોશમાં આવી ગયેલા ટોળાએ તોડફોડ અને પથ્થરમારો શરુ કરી દેતા આ ઘમાસણમાં ટાઉન પી.આઈ. નાગજીભાઈ રબારી અને પોલીસ કર્મી ડાહ્યાભાઈ સોમાભાઈના પગ અને માથામાં ઈજાઓ પહોંચી હતી સાથે સાથે આ ટોળાએ પોલીસ વાહનો પૈકી જીપ નં. જી.જે.૦૯.જીએ.૦૬૫ તેમજ જીપ નં.જી.જે.૩૧જી ૪૦૦ના કાચ ફોડી નાખ્યા હતા. વિફરેલા ટોળાએ નગરપાલિકા દ્વારા લગાવાયેલા દિશા સૂચક બોર્ડ અને રેલિંગની પણ તોડફોડ કરી નાખી હતી. જોકે પોલીસે લાઠી ચાર્જ અને ટીયરગેસના સેલ છોડી ટોળાને વિખેરી નાખી મામલો થાળે પાડ્યો હતો.

મોડાસા ટાઉન પોલીસે કાયદો હાથમાં લઈ હાથમાં લાકડીઓ અને પૈપોપ વડે હુમલો કરીને પોલીસકર્મીઓને ઈજાઓ પહોંચાડવા તેમજ સરકારી વાહનો અને માલ મિલ્કતને નુકસાન પોહચાડવાના ગુનામાં ૨૨ વ્યક્તિઓ, વાહન નંબરના આધારે ૨૮ વાહન માલિકો અને ૧૫૦૦ લોકોના ટોળા સામે રાયોટિંગ સહિતની વિવિધ કલમો મુજબ ગુનો દાખલ કર્યો હતો. આ ગુનામાં આરોપી તરીકે મોડાસા નગરપાલિકાના બે વર્તમાન કોર્પોરેટર ફાતીમાબેન અને મોહમ્મદ રફીક મોહમ્મદ યુનિસ ઈપ્રોલિયા (ઘાટી)ને દર્શાવાયા છે ત્યારે ઘાટી તરીકે જાણીતા નગરસેવકની અટકાયત પણ પોલીસે કરી લીધી હતી.




### બનાસકાંઠાના કાંકરેજ તાલુકામાં અવિરત

# વરસાદથી ઉણ પાંજરાપોળમાં ૨૦૦થી વધારે પશુઓના મોત : ૭૦ પશુ તણાયા

કાંકરેજ, તા. ૨૮

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજના ઉણ ગામે આવેલ જૈન પાંજરાપોળમાં ૨૦૦ જેટલા પશુના મોત જ્યારે ૭૦ જેટલા પશુ તણાઈ ગયા હોવાનું ટ્રસ્ટી વિનોદભાઈ શાહ દ્વારા જણાવાયું હતું. જેમાં સુરત શ્રીજીના સેવા ટ્રસ્ટના પ્રમુખ પીયુષકુમાર શાહ દ્વારા અને જય ઠાકર કામધેનુ ગૌરક્ષા ટ્રસ્ટ દ્વારા કાંકરેજમાં આવેલ બનાસ નદિના પૂર હોનારતમાં બીમાર અને ઘાયલ પશુ પ્રાણીઓ મરણ જતાં બચાવી શકાય અને પ્રાણીઓને જીવતદાન મળી રહે તેના માટે પોતાની સેવાભાવી કાર્યકરોની ટીમ, પશુ એમ્બ્યુલન્સ તેમજ અત્યાધુનિક હાઈડ્રોલીક એમ્બ્યુલન્સ અને નિષ્ણાંત વેટરનીટી ડૉક્ટરોની ટીમ સારવાર માટેના સાધનો, દવાઓ લઈ પૂરમાં પ્રભાવીત તાલુકા અને ગામડાઓમાં પશુરાહત કેમ્પ કરી ઉણ પાંજરાપોળના ૬૦ બીમાર પશુ ગૌવંશ-ભેંસોને બચાવી લીધા હતા અને જેસીબી દ્વારા મૃતક પશુઓને જીવાતો પડી જવાથી જમીનમાં દાટી દેવામાં આવ્યા હતા. અત્યારે ઉણ ગામમાં ચારેકોર પાણી ભરાઈ જવા પામ્યા છે અને કોલેજ કમ્પાઉન્ડની દિવાલો તુટી પડવા પામેલ છે. જેમાં એક લકઝરી બસ પણ પૂરનો શિકાર બનવા પામી છે. જેમ-તેમ કરી લોકોએ વૃક્ષો, ધાબાવાળા મકાનોનો સહારો લઈ પોતાનો જીવ બચાવ્યો છે. ત્યારે ઉણમાં વિનાશ નોતર્યો છે. જ્યાં પાંજરાપોળમાં તમામ દિવાલો તુટી પડવા પામી છે. ઈલેક્ટ્રીક થાંભલા, મકાનો, વૃક્ષો, ધરાસયી થતાં બનાસ નદિના પૂરે વિનાશ કર્યો છે અને મોટા પ્રમાણમાં પશુઓના મોત નિપજ્યા છે. જ્યાં રસ્તાઓ ઉપર દુર્ગંધ ફેલાઈ છે જેને લઈ તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દેવાઈ છે.



# કાંકરેજ તાલુકામાં મેઘતાંડવ, બનાસ નદીમાં પૂર પ્રકોપ, ૩૩ના મોત

કાંકરેજ, તા. ૨૮

બનાસકાંઠા જિલ્લામાં ધોધમાર વરસાદથી કાંકરેજને ઘમરોળી બનાસ નદીના રોદ્ર સ્વરૂપમાં અત્યાર સુધી કુલ ૩૩ લોકોના મોત થઈ ચૂક્યા છે. જેમાં પહેલા ૨૬ લોકોના મૃતદેહો નદીમાંથી મળ્યા બાદ તા. ૨૮ના રોજ ૭ મૃતદેહો મળતા અરેરાટી મચી જવા પામી છે. ખારીયામાંથી વિરાજી નવાજી ઠાકોર ઉં.વ. ૬૦, રાધાબેન દેવસીજી ઠાકોર ઉં. વ. ૫૦, ભદ્રેવાડી સતાભાઈ મણાભાઈ રાવળ ઉં.વ. ૫૫, ઓઢા મણીબેન ધારસીજી ઠાકોર ઉં.વ. ૫૫, સવપુરા, કાનજી રામચંદજી ઠાકોર ઉં.વ. ૫૦ અને માનપુર (ઉણ) ભરવાડ રમુભાઈ પાંચાભાઈ (રાધનપુર તાલુકો)નો સમાવેશ થાય છે.

જેમાં પૂરમાં પશુઓના વધારે પ્રમાણમાં તણાઈ જવાથી મોત થવા પામ્યા છે. જોકે અત્યાર સુધી રેસ્ક્યુ ટીમના બચાવકામગીરીના ઓપરેશન ચાલુ છે. અને મોટી માત્રામાં લોકોને આર્મી ટીમે બોટ દ્વારા બચાવ કામગીરી કરી ભદ્રેવાડી સુખલીપુરા, ખારીયા, ટોટાણા, સુદ્રોસણ, વાલપુરા, ઓઢા સહિતના વિસ્તારોમાં જે સંપર્ક વિહોણા ગામો છે ત્યાં બચાવ કામગીરી પુરજોષમાં ચાલી રહી છે. બનાસકાંઠા જિલ્લા એસપીના મોનીટરીંગમાં એએસપી અક્ષયરાજ મકવાણા પોલીસ ફોર્સ અને આર્મી ટીમ સાથે રેસ્કયુ ઓપરેશન કરી પૂર પીડીતોને બચાવ્યા છે. જયારે હેલીકોપ્ટર અને એનડીઆરએફ દ્વારા ખુબ સફળતાપૂર્વક રેસ્કયુ કરી પાણીમાંથી લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. અત્યારે કાંકરેજના નદિકાંઠાના વિસ્તારમાં પાણીથી છલોછલ ભરેલા છે તેમજ ઓછી માત્રામાં પાણી વહિ રહ્યાનુ જોવા મળી રહ્યું છે.



# પ્રાંતિજમાં મકાનો તથા દિવાલો ધરાશાયી થવાનો સીલસીલો યથાવત

### છેલ્લા ચાર દિવસથી એક પછી એક દિવાલો મકાનો ધરાશાયી થઇ રહી છે : કોઇ મોટી જાનહાની ના થતાં તંત્રએ પણ રાહતનો દમ લીધો

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લાં ચાર દિવસથી વરસાદી માહોલને લઈને એક પછી એક મકાનો તથા દિવાલો ધરાશાયી થવાની ઘટનાઓ બની છે. ત્યારે હાલ તો મકાનમાલિકો ઘર વિહોણાં બની ગયાં છે.

પ્રાંતિજ સહિત તાલુકાઓમાં મકાનો તથા દિવાલો પડવાથી મકાન માલિકો ઘર વિહોણાં થયાં છે. અને પ્રાંતિજમાં વિવિધ વિસ્તારોમાં કાચા માટીના મકાનો તથા દિવાલો જમીનદોસ્ત થઈ રહ્યાં છે. જેમાં પ્રાંતિજ ગલેચી ભાગોળ ખાતે રહેતા ધૂળીબેન ફતેસિંહ મકવાણા, દાડમબેન છનાજી મકવાણા, ભુપેન્દ્રસિંહ લાલસિંહ તેમજ શાંતાબેન માધુસિંહ ચૌહાણનું કાચું મકાન ધરાશાયી થયું હતું તો હુમ્મડ કુવા પાસે પણ સુનીલભાઈ ફકીરભાઈ શાહ, કલ્પનાબેન દિલીપભાઈ શાહ તથા રજનીભાઈ ગાંધીના મકાનોની પાછળની દિવાલો ધરાશાયી થઈ છે તો હુમ્મડ કુવા મેન રોડ ઉપર દિવાલ ધરાશાયી થતાં રોડ ઉપર કાટમાળ પડતાં રસ્તો બંધ થયો હતો તો ઉડીફળી ખાતે પણ બે માળનું મકાન પડતાં ઘરવખરી સહિતનો સામાન કાટમાળમાં દટાયો હતો તો ઘરમાં રહેલ લોકોનો આબાદ બચાવ થયો હતો ત્યારે મામલતદાર તથા નગરપાલિકા ચીફ ઓફિસરનો સ્ટાફ ઘટનાસ્થળે આવી પંચનામા સહિતની કાર્યવાહી કરી છે ત્યારે નગરજનો દ્વારા ઘરવિહોણાં થયેલ મકાન માલિકોને સરકાર દ્વારા સહાય મળે તેવું હાલ તો નગરજનો જણાવી રહ્યાં છે.







### પાલનપુરમાં વ્યાપક તારાજી...!!!

પાલનપુરમાં ભારે વરસાદને પગલે જાન માલને ભારે નુકશાન થયું છે. ત્યારે શહેરના જુના ટેલિફોન એક્સચેંજ પાછળ આવેલા બરફના કારખાના પાસે ભારે વરસાદને પગલે રોડમાં ભંગાણ થવાની સાથે પાણીની પાઈપો અને ગટરો પણ તૂટી ગઈ હતી. જેને કારણે સ્થાનિક રહીશો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

### સંકટના સમયે બનાસવાસીઓની મદદે બનાસ ડેરી

છેલ્લા કેટલાક દિવસોથી બનાસકાંઠા જિલ્લામાં સાંબેલાધાર વરસાદ પડી રહ્યો હતો જેના લીધે ભયાનક જળ સંકટની પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. એક અઠવાડિયાથી બનાસની પ્રજા ભારે વરસાદ સામે ટક્કર ઝીલી રહી છે. આ કુદરતી પ્રકોપથી અનેક લોકો બેઘર થઈ ગયા છે તો અમુક લોકોના જીવ ગયા છે. બનાસકાંઠાના લોકો માટે ગમે તેવી કપરી પરિસ્થિતિમાં પણ બનાસ ડેરી વ્હારે રહીને મદદ કરે છે. મેઘતાંડવના લીધે જિલ્લામાં થયેલ કુદરતી અતિવૃષ્ટિથી લોકો માટે ડેરીના મેનેજમેન્ટે ૧૬ હજાર કરતાં પણ વધારે ફૂડ પેકેટ તથા ૯૬ હજારથી વધુ દૂધના પાઉચનું પૂરગ્રસ્ત વિસ્તારમાં જઈને વિતરણ કરેલ છે. ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીની માર્ગદર્શનથી બનાસ ડેરીએ પૂર પીડિત લોકોને બૃહદ બનાસકાંઠા જિલ્લાના વિવિધ સ્થળો પર જઈને તાબડતોડ મદદ કરી રહ્યા છીએ.

